# માસ સીએલનો મજબૂત દાવ



ગીરીશ ભોયે

## ડાંગ જિલ્લામાં અરજદારો અને લોકો અટવાયા

**મહેસૂલી** કર્મચારીઓની એક દિવસીય હડતાળ

સાપુતારા : ડાંગ જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓ દ્વારા એક દિવસીય હડતાળ પાડવામાં આવી હતી. પડતર માંગણીઓનું વહેલી તકે નિરાકરણ લાવવા કર્મચારીઓએ આંદોલનમાં જોડાઈ સરકારનું ધ્યાન દોર્યું હતુ. આ આંદોલનના ભાગરૂપે મહેસૂલી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી. હડતાળને પગલે સરકારી કામગીરી તેમજ અરજીઓના કામકાજ માટે કચેરીએ પહોંચેલા અરજદારો અને સામાન્ય લોકોને અને ખાસ કરીને દૂરથી આવતા કામગીરી અટકી જતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## નવસારીના મહેસૂલી કર્મચારી આંદોલનના માર્ગે



**લાંબા** સમયથી પ્રશ્નો નહીં ઉકેલાતા આંદોલનની ફરજ પડી: નરેશકુમાર વાવડિયા

નવસારી: ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આહ્વાનને પગલે નવસારી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩) દ્વારા તબક્કાવાર વિરોધ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. નવસારી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ નરેશકુમાર ટી. વાવડીયાએ જણાવ્યું હતું કે, કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. લાંબા સમયથી પ્રશ્નો ઉકેલાયા ન હોવાથી હવે તબક્કાવાર આંદોલન શરૂ કરવાની ફરજ પડી છે. સરકાર વહેલી તકે પ્રશ્નો અંગે નિર્ણય લઈ કર્મચારીઓને રાહત આપે તેવી મંડળે માંગ કરી છે.




## વલસાડમાં પણ મહેસૂલી કર્મચારીની અસર જોવા મળી

**ઉકેલ** નહીં આવે તો 7 મીથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી

વલસાડ : વલસાડ જિલ્લાના ૨૫૦થી વધુ કર્મચારીઓ માસ સીએલ (Mass CL) પર ઉતરી ગયા છે. વલસાડ જિલ્લા હડતાળ કમિટીના પ્રમુખ મંગલસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, મહેસૂલી કર્મચારીઓના ૧૮ જેટલા પ્રશ્નો અંગે તેઓ છેલ્લા ઘણા સમયથી વિભાગ સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે. અગાઉ સરકારને એક મહિનાની મુદત આપવામાં આવી હોવા છતાં એક પણ મુદ્દાનું સમાધાન થયું નથી. ઉકેલ નહીં આવે તો ૭મીથી તમામ કર્મચારીઓ અનિશ્ચિત મુદતની અચોક્કસ મુદતની હડતાળની ચીમકી આપી હતી.

### મહેસૂલના કર્મચારીની આ મુખ્ય માંગણી છે




**(1) પ્રમોશન અને બદલીની નીતિ:** તાજેતરમાં પ્રમોશન મેળવેલા મહેસૂલી તલાટીઓ અને ક્લાર્કોને પોતાના મૂળ જિલ્લામાં જગ્યાઓ હોવા છતાં ૪૦૦ કિલોમીટર દૂર બદલી આપવામાં આવી છે જે રદ કરો



**(2) સમયસર બઢતી (Promotions):** વર્ષોથી અટકેલી કે વિલંબિત બઢતી પ્રક્રિયા ઝડપથી પૂરી કરી સમયસર પ્રમોશન આપવું.



**(3) જોબ ચાર્ટમાં સુધારો:** અન્ય વિભાગોની વધારાની કે બિન-મહેસૂલી કામગીરી તલાટીઓ અને કર્મચારીઓના જોબ ચાર્ટમાં ઉમેરી દેવામાં આવી છે, જેને દૂર કરવાની માંગ.

**(4) ફિક્સ પે અને ગ્રેડ પેના પ્રશ્નો:** ફિક્સ પે અને કેડર સંબંધિત પગાર-ધોરણ તથા ગ્રેડ-પેના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ.



## સીણધઈ ગામે મંજૂરી વિના ૧૨૮ સબ-પ્લોટિંગમાં બિલ્ડર સામે ગુનો

100 પ્લોટની જગ્યાઓ ખોટો લે-આઉટ પ્લાન રજૂ કરી સરકારી રેકર્ડમાં દુરસ્તી કરાવ્યાનો આક્ષેપ, કલેક્ટરે ગુનો નોંધવા આદેશ કર્યો


નિલેશ કાપડિયા

વાંસદા: સીણધઈ ગામે બિનખેતીની જમીનમાં મંજૂર કરાયેલા ૧૦૦ પ્લોટની જગ્યાએ 128 સબ-પ્લોટિંગ કરી વેચાણ કરવાના તેમજ સરકારી રેકર્ડમાં ખોટી રીતે દુરસ્તી કરાવવાના મામલે જિલ્લા કલેક્ટર દ્વારા ગુનો નોંધવાનો આદેશ કરાતાં આઈએલઆર વાંસદા દ્વારા વાંસદા પોલીસમથકે જમીન માલિક વ્યારાના બિલ્ડર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

વાંસદા તાલુકાના સીણધઈ ગામે જૂના બ્લોક નં. ૨૬૯/૧ની બિનખેતીની જમીન ભાવિકભાઈ રવિભાઈ પટેલ (રહે., કાનપુરા તા. વ્યારા જિ. તાપીનાં નામે નોંધાયેલી છે. જિલ્લા પંચાયત કચેરી, નવસારીના તા. ૧૧-૦૯-૨૦૧૪ના હુકમથી આ જમીન પર રહેણાંક હેતુસર ૧૦૦ યુનિટના બાંધકામ માટે બિનખેતીની મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગર નિયોજક નવસારી દ્વારા પણ ૧૦૦ યુનિટના બાંધકામનો પ્લાન મંજૂર કરવામાં આવ્યો હતો. દરમિયાન આ જમીન પર ભાવિકભાઈ પટેલ દ્વારા ગોકુલધામ સોસાયટી નામ આપી સ્થળ પર મંજૂર ૧૦૦ પ્લોટની જગ્યાએ ૧૨૮ પ્લોટનું વેચાણ કરવામાં આવ્યું હોવાની લેખિત ફરિયાદ સોસાયટીનાં રહીશો દ્વારા કલેક્ટરને કરવામાં આવતા બિનખેતીની શરતભંગ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન માત્ર ૧૦૦ યુનિટ માટે કુલ ૩૭૭૦.૩૮ ચો.મી. બાંધકામ FSIપૂરતી વિકાસ પરવાનગી મળી હોવા છતાં નગર નિયોજકની કચેરી દ્વારા મંજૂર કરવામાં આવેલા પ્લાનને મળતો આવતો અન્ય લે-આઉટ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્લાનના આધારે જમીન દફ્તર કચેરી, નવસારી ખાતે ૧૨૮ યુનિટની ૭-૧૨ રેકર્ડમાં દુરસ્તી કરાવવામાં આવી હોવાનો તેમજ સ્થળ પર તે મુજબ સબ-પ્લોટિંગ કરી પ્લોટનું વેચાણ કરવામાં આવ્યું હોવાનો મુદ્દો કલેક્ટરની સુનાવણી દરમિયાન ધ્યાને આવતા એ.સી. આર. દાખલ કરવા હુકમ કરાયો હતો.

## ભાડા વિધેયક સામે નવસારીના વકીલોનો વિરોધ ઉગ્ર બન્યો

**સરકારના** નિર્ણયના અભાવે આજથી અચોક્કસ મુદતની હડતાળ



નવસારીઃ ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા 'ગુજરાત ભાડા વિધેયક-2026' સામે નવસારીના વકીલોમાં વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. અગાઉના વિરોધ છતાં સરકાર તરફથી કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા નવસારી ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને 5 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે.

બાર એસોસિએશનના પ્રમુખ નેવિલ એમ. પટેલના નેતૃત્વ હેઠળ યોજાયેલી કારોબારી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. એસોસિએશનના જણાવ્યા મુજબ, નવા ભાડા વિધેયકની કેટલીક જોગવાઈઓથી સામાન્ય નાગરિકો તથા વકીલોને કાયદાકીય પ્રક્રિયામાં મુશ્કેલી ઊભી થવાની શક્યતા છે. આ મુદ્દે અગાઉ 30 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જોકે, ચાર દિવસના વિરોધ બાદ પણ સરકાર તરફથી કોઈ નિર્ણય ન આવતા હવે રાજ્યવ્યાપી આંદોલનને સમર્થન આપવાનો નિર્ણય લેવાયો છે. નવસારી બાર એસોસિએશને આ અંગે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને પણ લેખિતમાં જાણ કરી છે. વકીલો તથા પક્ષકારોની ગેરહાજરીમાં કેસોમાં એકતરફી કાર્યવાહી ન કરવામાં આવે તેમજ અનાવશ્યક વોરંટ કે નોટિસ ઈશ્યૂ ન કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જનતા માધ્યમિક શાળાના રમતવીરોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન




ખેરગામ: ખેરગામ તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ 2026 ગીતામંદિર હાઇસ્કૂલ પાર્ટી મુકામે તા.28/9/2026 ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેરગામની જનતા માધ્યમિક શાળા રસ્સા ખેંચમાં સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અંડર 17માં ભાઈઓ અને બહેનોએ રસ્સા ખેંચમાં અનુક્રમે ત્રીજો અને બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. એથ્લેટિક્સની સ્પર્ધામાં અંડર 17 બહેનોમાં 200 મીટર અને 400 મીટર લાંબી દોડ સ્પર્ધામાંમાં ધારા હળપતિએ પ્રથમ ક્રમ, તેવી જ રીતે ભાઈઓમાં મેહુલ પટેલે 200 મીટર લાંબી કૂદમાં, અલુક રાઉતે 1500 મીટરમાં, મયુર ગાયકવાડે 800 મીટર દોડમાં, આર્યન પટેલ 5000 મીટર દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

### ડો. પરિતા બંગાળીને પીએચ.ડી.ની પદવી એનાયત



બીલીમોરાઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા મેનેજમેન્ટ ફેકલ્ટી હેઠળ પરિતા તેજસ બંગાળીને ડોક્ટર ઓફ ફિલોસોફી (પીએચ.ડી.)ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે જી.એચ.ભક્તા મેનેજમેન્ટ એકેડેમી (ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ)ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. નમ્રતા એન. ખત્રીના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું. ડો. પરિતા તેજસ બંગાળીએ 'વેરેબલ હેલ્થ ડિવાઇસ તરીકે સ્માર્ટવોચ અપનાવવાની ઇચ્છાને અસર કરતાં નિર્ધારક પરિબળો ગુજરાતના સંદર્ભમાં એક અભ્યાસ' વિષય પર સંશોધન કર્યું હતું.

### ચીખલી ખાતે કાયમી દિવ્યાશા વયોશ્રી કેન્દ્રનું ઉદઘાટન


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે આજરોજ આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે પ્રધાનમંત્રી દિવ્યાંશા-વયોશ્રી કેન્દ્ર (PM-DVK)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રમાં હવે જિલ્લાના કોઈપણ દિવ્યાંગજનો તથા વરિષ્ઠ નાગરિકો જરૂરિયાત મુજબના સહાયક સાધનો અને જરૂરી સહાય સરળતાથી કાયમી ધોરણે મેળવી શકશે. આ કેન્દ્રની સ્થાપના નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના સબળ નેતૃત્વ અને અંગત જહેમતથી શક્ય બની છે. નોંધનીય છે કે ગુજરાતમાં આ પ્રકારનું નિશુલ્ક કેન્દ્ર અમદાવાદ, ભાવનગર, આણંદ અને ચોથું નવસારી જિલ્લાના આંગણે ચીખલીમાં કાર્યરત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ચીખલી પ્રાંત અધિકારી નિશાંત કુગાશીયા, તાલુકા વિકાસ અધિકારી ભાવનાબેન, મામલતદાર હિરેનભાઈ સહિત સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભીલાડમાં બસમાંથી રૂપિયા 2.56 લાખની કિંમતનો દારૂનો જથ્થો ઝડપાયો

ઉમરગામ: ભીલાડ પોલીસે આ બાતમીના આધારે ભીલાડ આરટીઓ ચેકપોસ્ટ પાસે હાઈવે પર વોચ ગોઠવી શુક્રવારે 11:40 કલાકે સદર બાતમી વાળી બસ આવતા તેને અટકાવી તપાસ કરતા બસમાંથી ટીમ બીયર દારૂનો રૂપિયા 2,56,650 નો જથ્થો મળી આવતા બસના ડ્રાઇવર સચિન રમેશભાઈ (રહે., કન્નડ) તથા હાર્દિક અશોકભાઈ રાજપુત (બાપુનગર અમદાવાદ) અને રોશન પવાર નરોડા પાટિયા (અમદાવાદ)ની અટક કરી હતી. જ્યારે માલ મંગાવનાર સુરતના એક શખ્સને વોન્ટેડ જાહેર કરી 27,76,650ની કિંમતનો કુલ મુદ્દામાલ કબજે કર્યો હતો.

### આહવા ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ


ગિરીશ ભોયે

સાપુતારાઃ બાળ સુરક્ષા અને અધિકારોના સુદ્રઢીકરણ માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં આયોગના સચિવ ડી.ડી. કાપડીયા, સભ્ય અમૃતાબેન અખિયાં, કમલેશભાઈ રાઠોડ અને ડાંગ જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં આહવા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, બાળકોના ઘડતરમાં આંગણવાડીઓની ભૂમિકા મહત્ત્વની છે. જેમાં બાળકોની ૧૦૦% હાજરી અને સંપૂર્ણ પોષણ સુનિશ્ચિત કરવું જરૂરી છે. ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ આયોગ સમિતિએ સાપુતારા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, સાંદિપની વિદ્યાસંકુલ અને હોસ્ટેલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ,સાપુતારા, એકલવ્ય રેસીડેન્સીયલ બોયઝ અને ગર્લ્સ સ્કૂલ, માલેગાંવ, આંગણવાડી કેન્દ્ર, બોરખલ અને સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, આહવાની મુલાકાત લઈ બાળકો સાથે સંવાદ તેમજ શાળાની ભૌતિક સુવિધાઓની સમીક્ષા કરી હતી.

## ૩૫ ડિગ્રીની ગરમી સાથે નવસારીમાં બફારાનો પ્રકોપ

નવસારીઃ નવસારીમાં સોમવારે ગરમી સાથે બફારાની અસર અનુભવાઈ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં દિવસનું મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪.૭ ડિગ્રી રહ્યું હતું. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ ૮૯ ટકા જેટલું ઊંચું રહેતા વાતાવરણમાં ભીનાશ અને બફારો અનુભવાયો હતો. દિવસમાં તાપમાનમાં વધારો થતાં બપોરના સમયે ગરમીની અસર વધુ તેજ બની હતી. સાંજે ભેજનું પ્રમાણ ઘટીને ૫૯ ટકા નોંધાયું હતું. દરમિયાન પવનની ગતિ માત્ર ૧.૭ કિલોમીટર પ્રતિ કલાક રહી હતી અને પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ તરફની નોંધાઈ હતી. પવનની ધીમી ગતિના કારણે ગરમી વચ્ચે ખાસ રાહત મળી નહોતી અને બપોરે ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું.

## નવસારીના શરબતિયા તળાવનું પાણી આયોજનના અભાવે વેડફાઈ રહ્યું છે

**બીજી** તરફ દૂધિયા તળાવ માટે પાણી લાવવાની જરૂરિયાત; યોગ્ય આયોજનની સ્થાનિકોની માંગ



નવસારીઃ નવસારી શહેરમાં જળ વ્યવસ્થાપનને લઈને સ્થાનિકો દ્વારા મનપાનું ધ્યાન દોરવામાં આવ્યું છે. શરબતિયા તળાવમાંથી નીકળતું પાણી યોગ્ય રીતે સંગ્રહિત અથવા અન્ય જળાશય તરફ વાળવામાં ન આવતાં નિકાલ નાળામાં વહી જતું હોવાની રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ દૂધિયા તળાવમાં પાણી જાળવવા માટે બહારથી પાણી લાવવાની જરૂરિયાત ઊભી થતી હોવાના કારણે પાણીના યોગ્ય ઉપયોગ અંગે ચર્ચા શરૂ થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, શરબતિયા તળાવના પાણીનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો શહેરના અન્ય જળાશયોને પણ તેનો લાભ મળી શકે તેમ છે. તેથી તળાવમાંથી વધારાનું પાણી વહી જતું અટકાવી તેને સંગ્રહિત કરવા અથવા જરૂરિયાત મુજબ અન્ય જળાશય સુધી પહોંચાડવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે. આ મુદ્દો 'કેચ ધ રેઈન' જેવી જળસંચયની પહેલોના સંદર્ભમાં પણ મહત્ત્વનો બન્યો છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ દ્વારા વરસાદી પાણીના સંચય અને પાણી જમીનમાં ઉતારવા અંગે જનજાગૃતિ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરમાં ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે સ્થાનિક સ્તરે પણ આયોજન જરૂરી હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે.

નાગરિકોએ મનપા તંત્રને શરબતિયા તળાવની નિકાલ વ્યવસ્થાની તપાસ કરી પાણીનો બગાડ અટકાવવા તેમજ ઉપલબ્ધ જળસ્રોતનો યોગ્ય ઉપયોગ થાય તે માટે કાયમી વ્યવસ્થા કરવાની વિનંતી કરી છે.

## વિનુ માંકડ ટ્રોફીમાં નવસારીના ચાર ક્રિકેટરની પસંદગી

**બરોડાની** ટીમમાં ચાર યુવા પ્રતિભાઓને સ્થાન મળતાં ક્રિકેટ જગતમાં ગૌરવની લાગણી



નવસારીઃ નવસારી જિલ્લાના યુવા ક્રિકેટરોએ ફરી એકવાર પોતાની પ્રતિભાનો પરચો આપ્યો છે. BCCIની પ્રતિષ્ઠિત વિનુ માંકડ ટ્રોફી માટે બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા પસંદ કરવામાં આવેલી ટીમમાં નવસારી જિલ્લાના ચાર ખેલાડીઓએ સ્થાન મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું છે. રાજકોટ ખાતે 8થી 16 ઓક્ટોબર દરમિયાન યોજાનારી આ મહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં નવસારીની એસ.એસ. અગ્રવાલ સ્પોર્ટ્સ એકેડેમીના સની કાલરીયા અને વિવાન મણિયાર બરોડા તરફથી મેદાનમાં ઉતરશે. બીલીમોરાના પૂજન મહેતા અને પ્રિન્સ ખલાસીની પણ ટીમમાં પસંદગી થતાં જિલ્લામાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બરોડાની ટીમ ટુર્નામેન્ટમાં મહારાષ્ટ્ર, હૈદરાબાદ, મણિપુર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવી ટીમો સામે રમશે. નાની વયે રાજ્ય સ્તરની ટીમમાં સ્થાન મેળવનાર આ ખેલાડીઓની સફળતા પાછળ તેમની સતત મહેનત, તાલીમ અને કોચિંગનું મહત્વનું યોગદાન રહ્યું છે. ખેલાડીઓની પસંદગી બદલ એસ.એસ. અગ્રવાલ સ્પોર્ટ્સ એકેડેમીના ટ્રસ્ટી મુકેશ અગ્રવાલ, હેડ કોચ કાંતિ પટેલ, કોચ હિતેશ પટેલ, ચેતન પટેલ અને દિવ્યેશ ગામીત તેમજ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. સંજય પટેલ સહિત એકેડેમી પરિવારે ચારેય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આહવાના દુષ્કર્મ કેસમાં ૧૮ વર્ષથી વોન્ટેડ નેપાળ બોર્ડરથી ઝડપાયો

**સરહદી** વિસ્તારમાં ટીમે પગપાળા ઇલેક્ટ્રિક રિક્ષામાં મુસાફરી કરીને સતત રેકી કરી પકડી પાડ્યો

સાપુતારાઃ ડાંગ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ટીમે વર્ષ ૨૦૦૮ના સગીરાના અપહરણ અને બળાત્કારના ગુનામાં ૧૮ વર્ષથી વોન્ટેડ આરોપીને નેપાળ બોર્ડર પર આવેલા ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગતો અનુસાર, વર્ષ ૨૦૦૮ માં આહવા તાલુકાના ચિંચલી ગામની ૧૩ વર્ષની સગીર દીકરીને બજારમાં ફરવા લઈ જવાનું કહી લલચાવી-ફોસલાવીને અપહરણ કરી આરોપી નેપાળ તથા ઉત્તર પ્રદેશ ખાતે ભાગી ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો. આ ગુનામાં તપાસ દરમિયાન LCB ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આ વોન્ટેડ આરોપી હાલ ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં નેપાળ બોર્ડર નજીક ઈલેક્ટ્રિક રિક્ષામાં ભંગારનો ધંધો કરે છે. આ વિગત મળતા જ ડાંગ LCBની ટીમ તુરંત ઉત્તર પ્રદેશ ખાતે રવાના થઈ હતી. સરહદી વિસ્તારમાં ટીમે પગપાળા તેમજ ઈલેક્ટ્રિક રિક્ષામાં મુસાફરી કરીને સતત રેકી કરી આરોપીની ખરાઈ કર્યા બાદ તેનો પીછો કરવામાં આવ્યો હતો અને ભારત-નેપાળ બોર્ડરથી દોઢ કિલોમીટર અંતરે આવેલા મીઠવલ ગામ (બર્ડપુર-૩) ખાતેથી તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ રામલક્ષ્મણ ઉર્ફે લક્ષ્મણ રાધેશ્યામ બનીયા ઉર્ફે અગ્રહરી (ઉં.વ.૪૨, રહે. મીઠવલ, સિદ્ધાર્થનગર, યુપી) છે. પોલીસે સિદ્ધાર્થનગર કોર્ટમાંથી આરોપીના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી તેને આહવા-ડાંગ લાવી આગળની કાનૂની કાર્યવાહી અર્થે આહવા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

## અટલ વાજપેયી ગાર્ડનમાં 'બદહાલી'

**જાળવણીના** અભાવે કચરો, તૂટેલા રમતગમતના સાધનો અને બિસમાર વોક-વે

**લાખોના** ખર્ચ બાદ પણ નાગરિકોને સુવિધા અધૂરી, લાઈટિંગ, પાણી, શૌચાલયમાં મુશ્કેલીમાં હોવાની ફરિયાદ





નવસારીઃ નાગરિકો અને બાળકોને મનોરંજન તેમજ હરિયાળું વાતાવરણ મળી રહે તે હેતુથી નવસારી મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલો અટલ બિહારી વાજપેયી ગાર્ડન હાલ યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર સ્થિતિમાં હોવાની સ્થાનિકોમાંથી ફરિયાદો ઉઠી છે. ગાર્ડનની હાલની સ્થિતિને લઈને મહાનગરપાલિકાની જાળવણી વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે.

ગાર્ડન પરિસરમાં ઠેર-ઠેર કચરો અને ગંદકી જોવા મળતી હોવાની સાથે ઝાડી-ઝાંખરા પણ ઊગી નીકળ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. બાળકો માટે મુકવામાં આવેલા લપસણી, હિચકા સહિતના રમતગમતના સાધનોમાં પણ નુકસાન જોવા મળતું હોવાથી બાળકોની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ, ગાર્ડનના વોક-વે પર કેટલાક પેવર બ્લોક તૂટી જવાથી સવાર-સાંજ ચાલવા આવતા વડીલો અને અન્ય નાગરિકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હોવાની ફરિયાદ છે. રાત્રિના સમયે પૂરતી લાઇટિંગ ન હોવાના કારણે ગાર્ડનની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. આ ઉપરાંત પીવાના પાણી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ પણ યોગ્ય રીતે ઉપલબ્ધ રહે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. નાગરિકોના મતે, જાહેર નાણાંથી ઊભી કરવામાં આવેલી સુવિધા માત્ર બાંધકામ પૂરતી સીમિત ન રહે, પરંતુ તેની નિયમિત સફાઈ, મરામત અને જાળવણી પણ એટલી જ જરૂરી છે.

સ્થાનિક રહીશોએ મહાનગરપાલિકા તંત્રને ગાર્ડનની સ્થળ તપાસ કરાવી તૂટેલા સાધનો અને વોક-વેનું સમારકામ, સફાઈ, લાઇટિંગ તથા પીવાના પાણી અને શૌચાલયની વ્યવસ્થા તાત્કાલિક સુધારવાની માંગ કરી છે. સાથે જ ગાર્ડનની નિયમિત જાળવણી માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે.